SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ગ્રામીણ ગુજરાતમાં ઉચ્ચશિક્ષણ અને ભારતીય જ્ઞાન પરંપરા : એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

ડૉ.દેવજીભાઈ એન.મારુ
મદદનીશ પ્રાધ્યાપક
સરકારી વિનયન અને વાણિજય કૉલેજ-ઘોઘા.

**૧. પ્રસ્તાવના-**

વીસમી સદીનું શિક્ષણ મોટેભાગે પશ્ચિમી મોડેલ પર આધારિત હતું, જેણે ભારતીય વિદ્યાર્થીઓને તેમના મૂળિયાં અને સંસ્કૃતિથી દૂર કર્યા હોવાનો મત સમાજચિંતકો વર્ષોથી વ્યક્ત કરતા આવ્યા છે. નવી શિક્ષણ નીતિ (NEP 2020) ના આગમન સાથે, 'ભારતીય જ્ઞાન પ્રણાલી' (IKS) ને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં, જ્યાં સામાજિક માળખું અને સાંસ્કૃતિક મૂલ્યો હજુ પણ પરંપરાગત રીતે જીવંત છે, ત્યાં આ પ્રણાલી શિક્ષણમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવી રહી છે.ઉદાહરણથી સમજીએ તો ભારત એ આજે પણ ગામડાઓનો દેશ છે. ભારતનાં ગામડાનો મોટો આધાર આજે પણ ખેતી રહેલો છે. ખેતી ક્ષેત્રે સજીવ ખેતીની જો વાત કરીએ તો તેમાં ભારતના લોકોનું પરંપરાગત જ્ઞાન આજે નવા સ્વરૂપે કામ લાગી રહ્યું છે.બીજું મહત્વનું એ કે આજે લોકોને આત્મનિર્ભર બનાવવા માટે ભારતીય જ્ઞાન પ્રણાલીનો ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વ્યાપક વિનિયોગ થઇ રહ્યો છે અને તેના ઉત્તમ પરિણામો પ્રાપ્ત થઇ રહ્યા છે.

**૨. ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) એટલે શું?**

ભારતીય જ્ઞાન પરંપરા એ માત્ર ધાર્મિક જ્ઞાન નથી, પરંતુ તેમાં વિજ્ઞાન, ગણિત, આયુર્વેદ, સ્થાપત્ય, કૃષિ વિજ્ઞાન, ભાષાશાસ્ત્ર અને જીવન જીવવાની કળાઓનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી જોઈએ તો, તે 'સ્વ' ની ઓળખ અને સામાજિક ઉત્તરદાયિત્વ શીખવતી પદ્ધતિ છે.તે લોકોનાં માંહ્યલાની ઓળખ આપતી અને જીવન મૂલ્યો શીખવતી પદ્ધતિ છે.પરંપરાથી માનવ સમાજને ઉત્તમ બનાવવા લોકોએ પોતાના બુદ્ધિબળ અને કોઠા સૂઝથી નિર્મિત કરેલું જ્ઞાન એટલે ભારતીય જ્ઞાન પરંપરા.

**૩. ગ્રામીણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની વર્તમાન સ્થિતિ-**

ભારતમાં અને ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આધુનિકતા અને ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવે કેટલાંક એવા પડકારજનક પરિવર્તનો સર્જી દીધા જેના કારણે કેટલીય સામાજિક સમસ્યાઓ ઊભી થઇ તેને પહોંચી વળવા માટે કંઈક નક્કર પગલા ભરવા આવશ્યક બની ગયા છે. આ પડકારો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- **શહેરી સ્થળાંતર**:આધુનિકતાની આંધળી દોડને લીધે ઉચ્ચ શિક્ષણ મેળવવા યુવાનો શહેરો તરફ દોડે છે, જેનાથી ગ્રામીણ કૌશલ્યનો નાશ થાય છે.નવી પેઢીને ગામડાનું જીવન નિમ્નતમ લાગવા લાગ્યું. ભભકાદાર જીવન જીવવું જોઈએ તેવું તેઓ માનતા થઇ ગયા. આમ શહેરી સ્થળાંતરને લીધે ગામડાઓ તૂટવા લાગ્યા.
- **વૈશ્વિકીકરણનો પ્રભાવ**:પશ્ચિમી શિક્ષણ પદ્ધતિને કારણે ગ્રામીણ યુવાનો પોતાની પરંપરાગત વ્યવસાયિક કુશળતાને 'નીચી' ગણવા લાગ્યા હતા. યુવાનો પોતાના બાપ-દાદાનાં ધંધા રોજગારને નીચા ગણી તેને છોડવા લાગ્યા.એટલે કે ભારતીય જ્ઞાન પરંપરાથી વિમુખ થતા ગયા. એ જ્ઞાનને ભૂલવા લાગ્યા.
- **સાંસ્કૃતિક વિચ્છેદ**:આધુનિકતાની આડેધડની દોડે લોકોને પોતાની મૂળ સંસ્કૃતિથી અલગ કરી દીધા. જેને લીધે આપનું સામાજિક અને સાંસ્કૃતિક માળખું તૂટવા લાગ્યું. પશ્ચિમી ઢબના શિક્ષણે ગ્રામીણ સામાજિક વાસ્તવિકતાને દૂર ધકેલી દીધી.આમ સાંસ્કૃતિક વિચ્છેદ એક પડકાર તરીકે આપણી ઊભો થયો જેણે બીજા અનેક પ્રશ્નો અને સમસ્યા સર્જી દીધા.

**૪. IKS દ્વારા બદલાવ : સમાજશાસ્ત્રીય વિશ્લેષણ-**

નવી શિક્ષણ નીતિ એ ભારતીય જ્ઞાન પરંપરાને મહત્વ આપીને શિક્ષણક્ષેત્રે ઉત્તમ પરિણામો લાવવા પર ભાર મૂક્યો જેને કારણે ગ્રામીણ ગુજરાતમાં નીચે મુજબના પરિવર્તનો આવી રહ્યા છે.

**અ. કૃષિ આધારિત શિક્ષણ અને આત્મનિર્ભરતા-**

નવી શિક્ષણ નીતિ (NEP2020)નાં લીધે IKS (ભારતીય જ્ઞાન પરંપરા)હેઠળ પ્રાચીન કૃષિ વિજ્ઞાન અને કુદરતી ખેતીના પાઠોને ઉચ્ચ શિક્ષણમાં સ્થાન મળ્યું છે. આનાથી ગ્રામીણ યુવાનો હવે ખેતીને માત્ર મજૂરી નહીં, પણ એક 'વૈજ્ઞાનિક વ્યવસાય' તરીકે જોતા થયા છે. આ બાબત ગ્રામીણ અર્થતંત્રના સામાજિક દરજ્જાને ઉંચો લાવે છે.આનું ઉત્તમ ઉદાહરણ એટલે 'સજીવ ખેતી' અને ગૌ આધારિત ખેતી. આજે કેટલાય યુવાનો આ ખ્યાલથી પ્રભાવિત થયા છે.રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના આડેધડ અને બેફામ ઉપયોગથીફક્ત ખેતીની જમીન જ નથી બગડતી પણ માનવ શરીરને ખૂબ નુકશાન પહોંચ્યુ છે તે હવે આ લોકો જાણતા થયા છે.બીજી તરફ આત્મનિર્ભર બનવામાં ભારતીય જ્ઞાન પરંપરા ખૂબ જ ઉપયોગી નીવડે છે તે પણ સમજાયું છે.આમ, ભારતીય જ્ઞાન પ્રણાલીના કૃષિ આધારિત શિક્ષણે ભારતીય લોકોને આત્મનિર્ભર બનાવવાનું શરૂ કર્યું છે.

**બ. માતૃભાષામાં શિક્ષણ અને જ્ઞાનનું લોકશાહીકરણ-**

જ્યારે શિક્ષણ માતૃભાષામાં (ગુજરાતીમાં) અપાય છે, ત્યારે ગ્રામીણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે. ભાષા એ માત્ર સંવાદનું સાધન નથી, પણ સંસ્કૃતિનું વાહક છે. IKS દ્વારા ગુજરાતી ભાષામાં ગૂઢ સિદ્ધાંતો સમજાવવાથી ગ્રામીણ વિદ્યાર્થીઓની મૌલિક વિચારશક્તિ ખીલે છે. પરિણામે આજે સમાજના દરેક ક્ષેત્રે યુવા વર્ગની ભાગીદારી વધી છે. ખાસ કરીને ગામડાના બધાં યુવાનો પોતાના મનગમતા ક્ષેત્રે પ્રગતિ સાધી રહ્યા છે. જેનાથી રાષ્ટ્રના સામાજિક-આર્થિક વિકાસને વેગ મળ્યો છે. આમ, માતૃભાષામાં શિક્ષણ અને જ્ઞાનનું લોકશાહીકરણ થતા સમરસતા અને સમગ્રલક્ષી વિકાસ શક્ય બન્યા છે.

**ક. નૈતિક મૂલ્યો અને સામાજિક જોડાણ-**

પશ્ચિમી શિક્ષણ વ્યક્તિવાદ (Individualism) પર ભાર મૂકે છે, જ્યારે IKS સામૂહિકતા અને કુટુંબવાદ પર ભાર મૂકે છે. ગુજરાતના ગ્રામીણ સમાજમાં 'વસુધૈવ કુટુમ્બકમ' ની ભાવના કેળવવાથી સામાજિક સંવાદિતા વધે છે.NEP (2020)માં ભારતીય જ્ઞાન પ્રણાલી આધારિત અભ્યાસક્રમો પર ભાર મુકાયો છે. દા.ત., પરંપરાગત વ્યવસાયો જેવા કે, વણાટ કામ,માટી કામ વગેરે જેવા વ્યવસાયોમાં કુટુંબના એક કરતા વધારે સભ્યોની જરૂર પડે છે.જેનાથી સમૂહ્ભાવના કેળવાય છે. એકબીજાના સાથ સહકારથી આ વ્યવસાયિક કાર્યો થતા હોય છે. અને એટલે કુટુંબના સભ્યોમાં પ્રેમ,વાત્સલ્ય,ભાઈચારો જેવી લાગણી અકબંધ રહેતી હોય છે.IKSનો કોઈપણ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સમૂહ્કેન્દ્રી મૂલ્યો તરફ વાળે છે. જેનાથી વ્યક્તિમાં નૈતિક મૂલ્યોનું ઘડતર થતું હોવાથી સમૂહ,સમુદાય અને સમાજ પ્રત્યે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવે છે.આમ, સમાજમાં નૈતિક મૂલ્યોનું પ્રસરણ થાય છે. તથા વ્યક્તિનું સમાજ તરફનું સામાજિક જોડાણ વધારે મજબૂત બનતું જાય છે.

**૫. ઉચ્ચ શિક્ષણમાં ભારતીય જ્ઞાન પરંપરા-**

ગુજરાતની ઘણી યુનિવર્સિટીઓ (જેમ કે લોકભારતી - સણોસરા, ગૂજરાત વિદ્યાપીઠ) દાયકાઓથી આ દિશામાં કાર્યરત છે. હવે અન્ય યુનિવર્સિટીઓમાં પણ નવી શિક્ષણ નીતિ હેઠળ સામાન્ય આર્ટસ અને સાયન્સ કોલેજોમાં પણ યોગ, આયુર્વેદ, વૈદિક ગણિત અને સ્થાનિક ઇતિહાસ, લોકસંગીત, લોકનૃત્યકળા, લોકસાહિત્ય અને અન્ય ભારતીય જ્ઞાન પ્રણાલીનો સમાવેશ કરવામાં આવ્યો છે.પરિણામે આધુનિક અને આદિમ જ્ઞાનનાં સમન્વયથી સશક્ત અને સમગ્રલક્ષી વિકાસવાળા માનવ સમાજનાં નિર્માણને વેગ મળ્યો છે.

**૬. પડકારો અને મર્યાદાઓ-**

કોઈપણ નવી વ્યવસ્થાના અમલીકરણમાં અવરોધો હોય જ છે. એટલુ જ નહિ પણ શરૂઆતના તબક્કે કોઈપણ વ્યવસ્થા સામે પડકારો પણ આવતા જ હોય છે. અહી NEP-2020નાં અમલીકરણ સાથે અમૂક અવરોધો કે અમૂક પડકારો જણાય છે ખરા, પણ તેનો બહુ ઝડપથી નિકાલ લાવી શકાય તેમ છે. અર્થાત તે અવરોધો અને પડકારો અંશકાલીન છે કાયમી નથી.

**-તાલીમબદ્ધ અધ્યાપકોનો અભાવ:** IKS સમજાવવા માટે પરંપરાગત અને આધુનિક એમ
બંને જ્ઞાન ધરાવતા શિક્ષકોની અછત છે.

**-ડિજિટલ ડિવાઈડ:**ગ્રામીણ વિસ્તારોમાં ઓનલાઈન સંસાધનોની પહોંચ મર્યાદિત છે.

**-સ્વીકાર્યતા:**અમુક વર્ગોમાં આને 'પછાતપણું' ગણવાની માનસિકતા હજુ પણ છે.

**૭.સૂચનો-**

- IKS સ્નાતકો માટે ખાસ 'રૂરલ ઓન્ટ્રપ્રિન્યોરશિપ' ફંડની વ્યવસ્થા કરવી.
- આધુનિક ટેકનોલોજી (AI, Drone) ને પરંપરાગત IKS સાથે સાંકળવી.

- ગ્રામીણ વિસ્તારોમાં ઓનલાઈન સંસાધનોની સહવાડતા વધારવી.
- ગ્રામીણ વિસ્તારના લોકોમાં આ બાબતે જાગૃતિ વધારતા કાર્યક્રમો ઉપર ભાર મુકવો.

**૮. નિષ્કર્ષ-**

ગ્રામીણ ગુજરાતમાં ભારતીય જ્ઞાન પ્રણાલી દ્વારા શિક્ષણમાં જે બદલાવ આવી રહ્યો છે, તે લાંબા ગાળે ગ્રામીણ સમુદાયના સર્વાંગી વિકાસમાં પરિણમશે. આ માત્ર એક શૈક્ષણિક ફેરફાર નથી, પરંતુ એક સામાજિક પુનરુત્થાન છે જે યુવાનોને તેમના મૂળિયાં(સ્થાનિકપણા) સાથે જોડીને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બનાવશે.જો શિક્ષણને જમીન સાથે જોડવામાં આવે, તો તે માત્ર બેરોજગારોની ફોજ ઊભી કરવાને બદલે 'આત્મનિર્ભર' અને 'વિવેકી' નાગરિકો તૈયાર કરે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. જો આ પ્રણાલીનો અમલ યોગ્ય રીતે થશે, તો ગુજરાતનું ગ્રામીણ શિક્ષણ મોડેલ સમગ્ર ભારત માટે દીવાદાંડી સમાન બનશે.

**સંદર્ભસૂચી -**


- **નવી શિક્ષણ નીતિ (NEP 2020),**ભારત સરકાર.
- **ત્રિવેદી, જી. જે. (૨૦૨૧),**ભારતીય જ્ઞાન પરંપરા અને શિક્ષણ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. **ગુજરાત વિદ્યાપીઠ સ્મૃતિ ગ્રંથ,**શિક્ષણ અને સામાજિક પરિવર્તન વિભાગ.
- **ભટ્ટ, નાનાભાઈ (૧૯૫૨):**કેળવણીના નવા પ્રયોગો, દક્ષિણામૂર્તિ પ્રકાશન.
- **ગાંધી, એમ. કે. (૧૯૩૮):**Basic Education (Nai Talim), નવજીવન પ્રેસ.